ગાંધીનગર સમાચાર
તા. ૯-૨-૨૦૧૨, શનિવાર

## તંત્રી સ્થાનેથી.....

### મહિલા સુરક્ષા : પ્રત્યેક નાગરિકની વણલખી જવાબદારી

મહિલા માટે વપરાતો 'અબળા' જેવો પર્યાય 'સબળા' કે 'પ્રબળા'માં ફેરવાઈ જાય તે આજની તાકીદ બની ગઈ છે. રોજેરોજ કયાંક કોઈ સ્ત્રીની સાથે દુરાચાર થતો રહે છે, કોઈની છેડતી થાય છે, કોઈના ચહેરા પર એસિડ ફેંકી એની જિંદગી બરબાદ કરી નાખવાની ધૃણાસ્પદ હરકતો થતી રહે છે. આવી પરિસ્થિતિમાં કોઈ પણ પ્રજા નિરાંતે સૂઈ શકે નહીં. ગમે તેટલી પ્રગતિ કરી હોય તો પણ જયાં પચાસ ટકા વસતિની સલામતી સામે જ પ્રશ્નચિહ્ન હોય ત્યાં બાકીનું બધું જ નકામું અને નિરર્થક જ બની રહે. કયારેક આપણા પૂર્વજો નારીને નારાયણી ગણી એનાં વિવિધ સ્વરૂપોને શ્રધ્ધાપૂર્વક પૂજતા. હજી એ શ્રધ્ધાને રેલો કર્મકાંડ સ્વરૂપે તો અકબંધ છે, પરંતુ પગપાળા અંબાજીની યાત્રાએ જનારાઓમાં પણ બધા સાત્ત્વિક પદયાત્રી નથી હોતા. એમની સાથે કુત્સિત મનોદશા ધરાવતા વાસના ભૂખ્યા વરૂઓયે હોય છે. દિલ્હીના બહુચર્ચિત બળાત્કાર કાંડ પછી આખા દેશમાં મહિલા સુરક્ષાના મુદ્દે ભારે આક્રોશનું વાતાવરણ સરજાયું છે. કેન્દ્ર સરકારે યૌન અપરાધો વિરૂધ્ધ લગામ કસવા માટે કડક સજાનો વટહુકમ બહાર પાડી એક આવકારદાયક પગલું પણ ભર્યું છે. પરંતુ પેલી કહેવત છે એમ પાણી પહેલાં પાળ બાંધવી ખૂબ જરૂરી છે. 'પ્રિવેન્શન ઈઝ બૅટર ધૅન કયૉર.' આ મુદ્દે મહિલાઓ પોતે જ પોતાનું રક્ષણ કરી શકે એવી તાલીમ એમને બાળપણથી જ અપાય તે જરૂરી છે. સાધુવેશમાં આવેલો રાવણ જગજનની સીતાનું આસાનીથી હરણ કરી શક્યો કારણે કે સીતા પાસે આત્મરક્ષણની તાલીમ ન હતી. આજની મહિલા જુડો, કરાટે અને અન્ય શારીરિક દાવ શીખી જરૂર પડ્યે પોતાની સામે કુદૃષ્ટિ કરનારને પડકારી શકે છે. આવી તાલીમ વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ અને શાળા-કૉલેજો ઉપરાંત ખુદ પોલીસ મારફત અપાય તો એનો વ્યાપક સંદેશ જશે. ગુજરાત પોલીસે ગાંધીનગર સહિત રાજયનાં વિવિધ સ્થળોએ આવી તાલીમ આપવાનો કાર્યક્રમ ઘડી કાઢ્યો છે તે અભિનંદનને પાત્ર છે. દિલ્હીનાં મુખ્યમંત્રી શીલા દિક્ષીત પોતે મહિલા છે, ખૂબ જ કાર્યદક્ષ મુખ્યમંત્રી તરીકે વખણાતાં રહ્યાં છે, પરંતુ એમણે જાતે નિવેદન કર્યું છે કે રાજધાની દિલ્હી મહિલાઓ માટે સુરક્ષિત નથી રહી. દેશની રાજધાનીમાં જ આવી વિષય પરિસ્થિતિ પ્રવર્તી રહી હોય ત્યાં દૂરવર્તી ગ્રામીણ પ્રદેશોની તો કલ્પના જ કરવી રહી. મહિલાઓ સદીઓથી અનિષ્ઠ તત્ત્વોનો ત્રાસ સહન કરતી આવી છે. પરંતુ એકવીસમી સદીની નારી હવે એનો જુલમ સહન કરવા તૈયાર નથી. એને પુરૂષો સાથે ખભેખભો મિલાવી પોતાની આગવી જિંદગી જીવવી છે. અનેક મુદ્દે પુરૂષો કરતાં ચડિયાતી સિધ્ધિઓ મેળવ્યા પછી આજની ભારતીય નારી ફક્ત લિંગભેદના મુદ્દે 'સેકંડ રેટ સિટીઝન' બનીને કે ઓશિયાળી બનીને જીવવા તૈયાર ન જ હોય તે સ્વાભાવિક છે. આત્મરક્ષણની ટિપ્સ શીખી લઈ ગરવી ગુજરાતણો અડધી રાતે એકલી મુસાફરી કરી શકે, એ આપણું લક્ષણ હોવું ઘટે. ગુજરાતમાં પણ જયારે 'અપરાજિતા' જેવા સામૂહિક દુષ્કર્મના કિસ્સા બનતા રહે છે ત્યારે પોલીસે ફક્ત વીઆઈપી સુરક્ષા પાછળ જ બધી શક્તિ ખર્ચ્યા વિના એની કુનેહનો સામુદાયિક સ્તરે વિસ્તાર કરવાની જરૂર છે, જે દિવસે આપણી વહુ-દીકરી કોઈ પણ વીઆઈપી કરતાં વધુ આદરણીય, વધુ રક્ષણીય બની રહેશે, તે દિવસે જગજનની અંબિકાના આશીર્વાદના આપણે સાચા હકદાર બની શકીશું.

આર. એન. લલિતકલા એકેડેમી અને મમતા સ્પોર્ટ્સ સેન્ટર, સેક્ટર-૨૩, ગાંધીનગર દ્વારા

# કરાટેમાં બ્લેક બેલ્ટ ડીગ્રી હાંસલ કરનાર બાળકોને બિરદાવવામાં આવશે



ગાંધીનગર સ્થિત સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી) શૈક્ષણિક સંસ્થાનું નામ શૈક્ષણિક ક્ષેત્રે અગ્રણ્ય છે. આ સંસ્થાની નામના ફક્ત શિક્ષણ પૂરતી જ મર્યાદિત ન રહેતા વ્યક્તિત્વ વિકાસની ઈતર પ્રવૃત્તિઓમાં પણ આ કેમ્પસમાં સ્થિત આર. એન. લલિતકલા એકેડેમી દ્વારા આગવી પ્રતિભાઓને જન્મ અપાઈ રહ્યો છે. આર. એન. લલિતકલા દ્વારા વિદ્યાર્થીઓની આંતરિક શક્તિનો લાભ સમાજને મળી રહે તેવા ઉમદા

આ કાર્યક્રમના પ્રમુખ તરીકે શ્રી વલ્લભભાઈ એમ. પટેલ (ચેરમેન - સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર તેમજ પ્રમુખ - કડી સર્વ વિદ્યાલય, ગાંધીનગર), મુખ્ય મહેમાન તરીકે શ્રી કૃષ્ણકાંત જ્હા (મેનેજીંગ તંત્રી - ગાંધીનગર સમાચાર), શ્રી ડી. ટી. કાપડીયા (ડાયરેક્ટર, કડી સર્વ વિદ્યાલય, ગાંધીનગર), ગેસ્ટ ઓફ હોનર તરીકે શ્રી સોમભાઈ પટેલ (કેમ્પસ ડાયરેક્ટર, એસવીકેએમ, ગાંધીનગર) ખાસ ઉપસ્થિત રહેશે.



હેતુથી અનેકવિધ રમત-ગમત તેમજ સાંસ્કૃતિક ક્ષેત્રની પ્રવૃત્તિઓ આ કેમ્પસમાં ચલાવવામાં આવે છે અને જેનો લાભ મોટી સંખ્યામાં બાળકો ઉઠાવી રહ્યાં છે.

કરાટેની બ્લેક બેલ્ટ ડીગ્રીમાં ખૂબ જ મહેનત તેમજ લગનથી સતત પાંચ વર્ષની સઘન તપશ્ચર્યા બાદ તૈયાર થયેલ બાળકોને બ્લેક બેલ્ટની ડીગ્રી એનાયત કરીને તેઓની કઠીન સાધનાને બિરદાવવાનો કાર્યક્રમ આગામી તા. ૦૯-૦૨-૨૦૧૨, શનિવારના રોજ સાંજે ૬.૩૦ ક્લાકે ખીમજી વિશ્રામ સંસ્કાર ભવન, ગેટ નં. ૭, કડી સંકૂલ, સે. ૨૩ ખાતે યોજવામાં આવ્યો છે.

આ સમારોહમાં ગાંધીનગર ના જાણીતા કરાટે કોચ સેલ્વાકુમાર આર. દ્વારા ખૂબ જ મહેનતથી તૈયાર થયેલ કુ. ધ્રુવી દેસાઈ, કાજી દસ્તગીર અહેમદ, સ્વપ્રીલ પારેખ, કૌશલ સોની, વિભુતી વાળા, સોહમ ભટ્ટ, દીશાંત સોલંકી, યુગ પારેખને બ્લેક બેલ્ટની ડીગ્રી એનાયત કરવામાં આવનાર છે.

કાર્યક્રમમાં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા આર.એન.લલિતકલા એકેડેમી અને મમતા સ્પોર્ટસ સેન્ટરના હેડ ઓફ ધ ડીપાર્ટમેન્ટ શ્રીમતી દીનાબેન ડોડીયાએ જણાવ્યું છે.



પહેલાની ફીલ્મમાં, કુંભમેળામાં એક કુટુંબ આવીને વર્ષો સુધી બીછડી જાય તેવી સ્ટોરી બનતી.. એવું આ પોલીટીકલ પાર્ટીવાળા સાથે ન થાય તો સારું...!!

# આર.સી. પટેલ શાળાનો વિદ્યાર્થી લેખિત કવીઝ સ્પર્ધામાં ઝળકયો

ગાંધીનગર, તા.૮

સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે લેખિત કવીઝ સ્પર્ધા તાજેતરમાં યોજાઈ હતી. સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લાની આર.સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના વિદ્યાર્થી રમેશ શેલાણીએ જિલ્લામાં પ્રથમ ક્રમ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે.

આર.સી. પટેલ શાળાના આચાર્યએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, તાજેતરમાં રામકૃષ્ણ મિશન વડોદરા દ્વારા લેખિત કવીઝ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં દરેક શાળાના પ્રથમ નંબરે વિજેતાઓ જિલ્લા કક્ષાની સ્પર્ધામાં જોડાયા હતા. આ સ્પર્ધામાંઆર.સી. પટેલ શાળાના રમેશ હરસુરભાઈ સેલાણાએ જિલ્લામાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થઈને શાળાનું અને ગાંધીનગર જિલ્લાનું ગૌરવ વધાર્યુ છે. તેનું સન્માન તા. ૧૭મી ફેબ્રુઆરીએ વડોદરા મુકામે થશે. વડોદરા મુકામે તેને ઈનામ વિતરણ, સ્મૃતિ ચિહ્ન અને એવોર્ડ પ્રાપ્ત થશે. વિજેતા વિદ્યાર્થીને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

# ગાંધીનગરના હસમુખ મેકવાન અભિનિત નાટક અમદાવાદ અને દમણમાં ભજવાશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરના જાણીતા અભિનેતા હસમુખ મેકવાન અભિનિત નાટક 'મારે ઘર ઘર રમવું છે' તા. ૧૨મી ફેબ્રુઆરી-૨૦૧૩ના રોજ એચ.કે. આર્ટસ કોલેજ હોલ તેમજ તા. ૧૬મી ફેબ્રુ.૨૦૧૩ના રોજ સ્વામી વિવેકાનંદ હોલ, દમણ ખાતે ભજવાશે.

મનોરંજનથી ભરપુર કુલગુલાબી આ નાટકમાં તખ્તાના જાણીતા નાટ્ય કલાકારો સર્વશ્રી



કોલેજ હોલ તેમજ તા. ૧૬મી ફેબ્રુઆરી સ્વામી વિવેકાનંદ હોલ, દમણ ખાતે ભજવાશે.

ગુજરાત રાજ્ય યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સૌજન્યથી ઈન્ડો આર્ટસ થિયેટરનું વસંત પરમાર નિર્મિત, એ સાવંત લિખિત, નવીન રાવલ દિગ્દર્શિત સામાજિક દ્વિઅંકી નાટક 'મારે ઘર ઘર રમવું છે' તા. ૧૩મી ફેબ્રુ.૨૦૧૩ના રોજ એચ.કે. આર્ટસ

ઈલેશ શાહ, વસંત પરમાર, દિલિપ વૈષ્ણવ, વિજય દેસાઈ, મીના પટેલ, ભારતી ખંતગલે અને વિશિષ્ટ ત્રણ ભુમિકામાં હસમુખ મેકવાન અભિનયના અજવાળા પાથરશે. પ્રસ્તુત નાટકમાં સન્નિવેષ આર. જાની, રંગભૂષા-ભાર્ગવ અને સંગીત પ્રકાશ આયોજિત દિલિપ વૈષ્ણવના છે. જ્યારે સમગ્ર નાટ્ય નિર્માણના પ્રોડકશન ઈન્ચાર્જ તરીકેની જવાબદારી ભારતી ખંડાગલે સંભાળી છે.

# ગાંધીનગર ખાતે રાજયકક્ષાની ફૂટબોલ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર સેકટર-૧૫માં આવેલા સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયાના મેદાનમાં ૧૬ વર્ષથી નીચેના ભાઈઓની રાજયકક્ષાની ફૂટબોલ સ્પર્ધા તાજેતરમાં યોજાઈ હતી. અમદાવાદ શહેર અને વડોદરા ટીમ વચ્ચે પ્રથમ રાઉન્ડ અન બીજા રાઉન્ડમાં સુરત શહેર અને સુરેન્દ્રનગર વચ્ચે ફૂટબોલ સ્પર્ધા યોજાઈ જેમાં અમદાવાદ શહેરની ટીમ વિજેતા થઈ હતી.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા રમશે ગુજરાત, જીતશે ગુજરાતના સંદેશ સાથે સમગ્ર ગુજરાતમાં ખેલ મહાકુંભ-૨૦૧૨નું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર રાજયમાં તા. ૧૯મી જાન્યુઆરી-૨૦૧૩થી ખેલ મહાકુંભનો આરંભ થયો હતો. જે અંતર્ગત આજ રોજ રાજય કક્ષાની ફૂટબોલ રમતની સેમીફાઈનલ સ્પર્ધા સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા સેકટર-૧૫, ગાંધીનગર ખાતે રમાઈ હતી.

આજ રોજ ગાંધીનગરના સેકટર-૧૫માં આવેલ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયાના ગ્રાઉન્ડ ખાતે ૧૬ વર્ષથી નીચેના ભાઈઓની રાજય કક્ષાની ફૂટબોલ સ્પર્ધાની સેમી ફાઈનલ મેચ યોજાઈ હતી. જેમાં સવારના પ્રથમ રાઉન્ડમાં અમદાવાદ શહેર અને વડોદરા શહેરની ટીમ વચ્ચે તથા બીજા રાઉન્ડમાં સુરત શહેર-સુરેન્દ્રનગર શહેર વચ્ચે ફૂટબોલ સ્પર્ધા યોજાઈ હતી. પ્રથમ રાઉન્ડ સ્પર્ધામાં અમદાવાદ શહેરની ટીમ વિજેતા બની હતી.

તાજેતરમાં આ ગ્રાઉન્ડ ઉપર ૧૬ વર્ષથી નીચેના બહેનોની રાજય કક્ષાની ફૂટબોલની સેમી ફાઈનલ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં વડોદાર શહેર અને વલસાડ શહેરની ટીમ વિજેતા બની હતી. હવે, આગામી તા.૧૨મી ફેબ્રુઆરી ૨૦૧૩ના રોજ આ બંને સેમી ફાઈનલ વિજેતા ટીમો વચ્ચે રોમાંચક ફૂટબોલની ફાઈનલ સ્પર્ધા યોજાનાર છે. ૧૬ વર્ષથી ઉપરના ભાઈઓની ફૂટબોલની ફાઈનલ મેચ જામનગર શહેર-સુરત શહેર વચ્ચે રમાશે.

## ચૈતન્ય સ્કૂલ ગાંધીનગરનું ગૌરવ

ગાંધીનગર, તા. ૮

બરોડા ખાતે તાજેતરમાં ૧૦મી ઈન્ટરનેશનલ કરાટે ચેમ્પીયનશીપ યોજાઈ હતી. જેમાં નેપાળ, શ્રીલંકા, ઈરાનથી ૧૫૦ જેટલા કરાટેવીરો જોડાયા હતા. સ્પર્ધામાં ચૈતન્ય સ્કૂલના ધોરણ-૫માં અભ્યાસ કરતા કુમાર નયન શુશીલે જુનિયર કેટેગરીમાં કાટા અને કુમિટિ ઈવેન્ટમાં ભાગ લઈ કાટા કેટેગરીમાં ગોલ્ડમેડલ અને કુમિટિ કેટેગરીમાં સિલ્વર મેડલ મેળવ્યા હતા.

# શિક્ષકોને પરીક્ષાઓ માટે ઉપયોગી પ્રશ્નોત્તર

## સામાન્ય જ્ઞાન કસોટી-૩

(ગતાંકથી આગળ...)

(૨૬) વ્યક્તિને વિશેષ ક્રિયાશીલ કોણ બનાવે છે?
(ક) પ્રેરણા (ખ) ભક્તિ
(ગ) શ્રદ્ધા (ઘ) આસ્થા

(૨૭) શારીરિક વિકાસની દિશા માથાથી શેના તરફ હોય છે?
(ક) મગજ
(ખ) છાતી
(ગ) ધડ
(ઘ) પગ

(૨૮) પ્રતિભાશાળીનો બુદ્ધિઆંક કેટલો હોય છે?
(ક) ૧૨૦ (ખ) ૧૩૦
(ગ) ૧૪૦થી ઉપર (ઘ) ૧૧૦

(૨૯) મેકલેલેન્ડનું નામ કઈ પ્રેરણા માટે જાણીતું છે?
(ક) સિદ્ધિ માટેની પ્રેરણા
(ખ) પ્રેમ માટે પ્રેરણા
(ગ) સ્વીકૃતિની પ્રેરણા
(ઘ) લખવા માટેની પ્રેરણા

(૩૦) પોતાની ઈચ્છા કે વિચારોનું બીજા પર આરોપણ કરવાને શું કહેવાય?
(ક) દમન (ખ) યોક્તિકીકરણ
(ગ) તાદાત્મ્ય (ઘ) પ્રક્ષેપણ

(૩૧) વર્ગ વ્યવહાર તપાસવા દર કેટલી સેકન્ડે એક બનાવ નોંધાય છે?
(ક) ૩ (ખ) ૫
(ગ) ૭ (ઘ) ૯

(૩૨) ૧૯મી સદીમાં મનોવિજ્ઞાનનો અર્થ શું હતો?
(ક) ચેતનાનું વિજ્ઞાન
(ખ) બિનપરંપરાગત
(ગ) ફિલૉસોફી
(ઘ) ભૌતિક શાસ્ત્ર

(૩૩) નવી માહિતી કે વિચારોને સમજવાની શક્તિને શું કહેશો?
(ક) ગ્રહણ શક્તિ
(ખ) માનસિક સજાગતા
(ગ) આધ્યાત્મિક શક્તિ
(ઘ) વિવેક શક્તિ

(૩૪) 'દમન'નો ખ્યાલ કોણે આપ્યો?
(ક) સ્કિનરે (ખ) વોટસને
(ગ) ફ્રોઈડે (ઘ) પાવલોવે

(૩૫) રમત દ્વારા આનંદમય શિક્ષણ આપવાની હિમાયત કોણે કરી હતી?
(ક) રવીન્દ્રનાથ ટાગોર
(ખ) જુગતરામ દવે
(ગ) ગિજુભાઈ બધેકા
(ઘ) મેડમ મોન્ટેસરીએ

(૩૬) 'આધ્યાત્મિક બુદ્ધિઆંક' માટે કઈ સંજ્ઞા વપરાય છે?
(ક) EQ (ખ) IQ
(ગ) SQ (ઘ) GQ

(૩૭) કયું વ્યક્તિગત ભિન્નતાનું કારણ છે?
(ક) વંશાનું ક્રમ
(ખ) નબળી આર્થિક સ્થિતિ
(ગ) શરીરનો બાંધો
(ઘ) રસ રૂચિ

(૩૮) સમવાય પાઠનો સમય કેટલી મિનિટનો હોય છે?
(ક) ૪૦ મિનિટ
(ખ) ૩૦ મિનિટ
(ગ) ૪૫ મિનિટ
(ઘ) ૩૫ મિનિટ

(૩૯) સ્લાઈડ શૉ માટે કયું સોફટવેર ઉપયોગી છે?
(ક) ફોટોશૉપ
(ખ) માઈક્રોસોફટ પાવર પોઈન્ટ
(ગ) માઈક્રોસોફટ વર્ડ
(ઘ) માઈક્રોસોફટ એકસેલ

(૪૦) ડેડ સ્ટોક રજિસ્ટરમાં કઈ વિગતો નોંધવામાં આવે છે?
(ક) વુડન ફર્નિચર
(ખ) ભૌતિક સાધનોની યાદી
(ગ) શૈક્ષણિક સાધનો
(ઘ) વિભિન્ન પત્રકોની યાદી

(૪૧) વ્યક્તિની ખળભળી ઊઠેલી માનસિક સ્થિતિને શું કહેવાય?
(ક) ઉદ્વેગ (ખ) હમદર્દી
(ગ) આવેગ (ઘ) ગ્લાનિ કે ખેદ

(૪૨) 'સાયકોલોજી' મૂળ કઈ ભાષાનો શબ્દ છે?
(ક) જર્મની (ખ) સ્પેનિસ
(ગ) જાપાની (ઘ) ગ્રીક

(૪૩) કઈ અવસ્થામાં વ્યક્તિ 'સ્વૈરવિહાર' બને છે?
(ક) વૃદ્ધાવસ્થા
(ખ) કિશોરવસ્થા
(ગ) યુવાવસ્થા
(ઘ) તરૂણાવસ્થા

(૪૪) કઈ અવસ્થામાં બાળક સ્વાવલંબી બને છે?
(ક) શૈશવ અવસ્થા
(ખ) તરુણ અવસ્થા
(ગ) કિશોરાવસ્થા
(ઘ) યુવાવસ્થા

(૪૫) બુદ્ધિમાપનની પદ્ધતિ સૌપ્રથમ કોણે નિર્મિત કરી હતી?
(ક) બિન સાયમેન
(ખ) વિલિયમ વુન્ટે
(ગ) ફ્રોઈડે
(ઘ) મોર્ગને

(૪૬) વિદ્યાર્થીઓના એક સમુહમાં મહત્તમ વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કરેલો ગુણાંક જાણવો હોય તો તમે શેની ગણતરી કરશો?
(ક) મધ્યકની (ખ) મધ્યસ્થની
(ગ) બહુલકની (ઘ) સરેરાશની

(૪૭) "બાળકને બાળક રહેવા દો" - એવી હિમાયત કોણે કરી હતી?
(ક) રૂસોએ
(ખ) પ્લેટોએ
(ગ) સોક્રેટીસે
(ઘ) ફ્રોબેલે

(૪૮) કયો વાદ 'સામાજિક શિસ્ત' પર ભાર મૂકે છે?
(ક) આદર્શવાદ
(ખ) પ્રકૃતિવાદ
(ગ) પ્રયોજનવાદ
(ઘ) વ્યવહારવાદ

(૪૯) બાળકનું શૈક્ષણિક સમાજિકરણ કરતી સૌ પ્રથમ સંસ્થા કઈ છે?
(ક) ઘર (ખ) સમાજ
(ગ) કુટુંબ (ઘ) શાળા

(૫૦) DAT નું રૂપાંતર કરીને તેનું ભારતીય રૂપ વિકસાવ્યું છે?
(ક) ડૉ. રવીન્દ્ર દવે
(ખ) જે.એમ. ઓઝા
(ગ) સામ પિત્રોડા
(ઘ) એસ. જલોટા

**ઉત્તરો :**

(૨૬) ક (૨૭) ગ (૨૮) ગ (૨૯) ક (૩૦) ઘ (૩૧) ક (૩૨) ક (૩૩) ખ (૩૪) ગ (૩૫) ગ (૩૬) ગ (૩૭) ક (૩૮) ઘ (૩૯) ખ (૪૦) ખ (૪૧) ગ (૪૨) ઘ (૪૩) ઘ (૪૪) ખ (૪૫) ક (૪૬) ગ (૪૭) ક (૪૮) ગ (૪૯) ઘ (૫૦) ખ

(પૂર્ણ)

- રૂપલ એચ. શાહ, (એમ.એ.બી.એડ્)
શિક્ષિકા : સર્વ વિદ્યાલય કેમ્પસ, સે-૨૩, ગાંધીનગર